# એ શું કે તું અડે તો શબદ સત્ય થઈ જતો, એ શું કે સુરતા તને સામે જઈ વરે!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક



**બીજા સેમેસ્ટરમાં એને વાંકડિયા વાળવાળી એક કન્યા એના વર્ગમાં જ દેખાઈ! રાઘવને આનંદ અને અફસોસ બન્ને એટલા માટે થયા કે, એ છોકરીના વાળ વાંકડિયા હતા, પણ આંખો ભૂરી ન હતી!**

વંથલીમાં નાથા પટેલનું ખોરડું શાનદાર ગણાતું. આમ તો વંથલી ગામ નાનું. જૂનાગઢથી નજીકના વંથલી ગામમાં મોટો પાક કેરીનો. વંથલીની કેસર કેરી આખા ભારતમાં વખણાય. નાથા પટેલને પણ મસમોટું આંબાવાડિયું હતું. એમના આંબાવાડિયામાં બસો આંબા હતા ને કેરીની સીઝનમાં કેરીઓથી બધા આંબા ઝૂમી ઊઠતા. જબરદસ્ત આવક નાથા પટેલને આ કેરીઓમાંથી થતી.

જો કે આંબાવાડિયા ઉપરાંત નાથા પટેલને પચાસ વિઘા બીજી જમીન પણ હતી ને એમાં એ ઘઉં, કપાસ ને ચણાનો પાક લેતા. આવકની કોઈ સીમા નહોતી નાથાભાઈને અને ખાનારા ત્રણ જ જણ - નાથા પટેલ પોતે, એમની પત્ની સવિતા અને દીકરો રાઘવ.

ઘરમાં તો આ ત્રણ જ જણ પણ ઘર હતું વિશાળ. એક ઓસરીમાં લાઈનસર છ ઓરડા, ઓસરીના એક છેડે રસોડું ને બીજા છેડે સંડાસ-બાથરૂમ. એ છ ઓરડામાં એક ઓરડો પટેલ-પટલાણીનો, ને બીજો ઓરડો રાઘવનો, એક ઓરડો કોઠાર તરીકે વપરાતો, એક ઓરડો ઢોરની નીરણ ભરવા વપરાતો ને એક ઓરડો મહેમાનો માટે સજાવીને રખાતો. ઓસરીની નીચે જબરદસ્ત ફળિયું. એમાં ટ્રેક્ટર ને ઢોરઢાંખર રહેતા. રાઘવ પાંચમા ધોરણમાં ભણતો હતો. એ હતો તો મહેનતુ પણ એનું મગજ તુક્કાબાજ હતું. આંબા પર કેરીઓ આવે ત્યારે એને થતું-એક જ આંબા પર કેસરની સાથે સાથે હાફુસ કેરી કેમ ન ઊગી શકે ? અને, આંબા પર બારે માસ કેરી કેમ ન આવે?

જો કે એના પ્રશ્નો જ એવા હતા કે એનો જવાબ કોઈ આપી ન શકે. હા, એક આંબા પર ક્યાંક કોઈએ જાતજાતની કેરીઓ ઉગાડી હતી એ રાઘવે છાપામાં વાંચેલું એટલે એને આ તુક્કો સૂઝેલો.

જો કે આવા તુક્કા તો રાઘવને વારંવાર આવતા. ક્યારેક એ કોઈ તુક્કાનો અમલ પણ કરતો પણ નિષ્ફળ થતો! એક વખત એને તુક્કો આવ્યો કે, કૂતરાની પૂંછડી સીધી કેમ ન થાય? એણે મનની મરુભૂમિમાં ઉગેલા આ વિચારને અમલમાં મૂકવાનું નક્કી કર્યું. શેરીના એક નાના કૂતરાને પકડીને એણે એની પૂંછડી સાથે એની પૂંછડી જેવડી જ નાની લાકડી દોરીથી કચકચાવીને બાંધી. કૂતરું થોડી વાર ભસતું રહ્યું, પછી શેરીમાં ભાગ્યું.

રાઘવ બાજનજરે એનું નિરીક્ષણ કરતો રહ્યો. અઠવાડિયા પછી એણે એ કૂતરાને ફરીથી પકડ્યું ને પૂંછડીએ બાંધેલી લાકડી છોડી નાખી. એક સેકન્ડ એને લાગ્યું કે પૂંછડી સીધી થઈ ગઈ પણ બીજી જ સેકન્ડે વાંકી પૂંછડી સાથે કૂતરું રાઘવને અફસોસ કરતો મૂકીને શેરીમાં ભાગી ગયું! આપણે એ કહેવાનું તો રહી જ ગયું કે, આંબા પર પણ રાઘવે પ્રયોગ કરેલા, ઘઉં ને ચણા પર પણ પ્રયોગો કરેલા પણ બધામાં એને નિષ્ફળતા જ મળેલી.

બીજું કોઈ હોય તો નિષ્ફળતાથી હારી જાય પણ આ તો રાઘવ! એ અવનવી વસ્તુઓ, અવનવા માણસો શોધીને અવનવા અખતરા કર્યા કરતો. સમય પસાર થતો રહ્યો, ઉબેણ નદીમાં પાણી વહેતું રહ્યું ને રાઘવ છેક બારમા ધોરણમાં આવી ગયો! એને શરૂઆતથી જ આવા વૈજ્ઞાનિક (!) અખતરા કરવાનો શોખ હોવાથી એણે વિજ્ઞાન વિષય જ રાખેલો. બારમું ધોરણ એણે 85% સાથે પાસ કર્યું, ને નાથા પટેલની છાતી ગજ ગજ ફૂલી! હાઈસ્કૂલના હેડમાસ્તર જાતે અભિનંદન આપવા નાથા પટેલના ઘેર આવ્યા. એમણે નાથા પટેલ પાસે પાર્ટીની માગણી કરી. નાથા પટેલે સરસ પાર્ટી આપી. લગભગ સાતસો માણસને એમણે જમાડ્યા. સાહેબોને સરસ ભેટ પણ આપી. સુરતથી નાથા પટેલે હીરાના વ્યવસાય સાથે જોડાએલા એમના મોટાભાઈ અરજણભાઈને પણ બોલાવેલા. “નાથા,” અરજણભાઈએ પાર્ટી પત્યે કહ્યું, “હવે રાઘવ માટે શું વિચાર છે?'' ‘‘મોટાભાઈ,” નાથા પટેલ બોલ્યા, “રાઘવ કહે છે કે, એને હજી બી.એસ.સી. કરવું છે.'' “તો પછી એને સુરત મોકલી દે,” અરજણભાઈ બોલ્યા, “ત્યાં ડિપાર્ટમેન્ટ ઓફ બાયો સાયન્સ આપણી નજીક જ છે. તને તો ખબર છે ને કે, આપણું ઘર વેસુમાં છે?” “હા ભૈ,” નાથાભાઈ બોલ્યા, “હું રાઘવને બોલાવું.” નાથાભાઈએ હાક મારીને રાઘવને બોલાવ્યો.

“રાઘવ બેટા,” અરજણભાઈ બોલ્યા, “બોલ, તારે સુરતથી બી.એસ.સી. કરવું છે ?'' “હા દાદા,” રાઘવ ખુશ થઈને બોલ્યો, “મારે તો કરવું જ છે.”

“તો પછી તું મારી જોડે ચાલ, સુરત,” અરજણભાઈ બોલ્યા, “અત્યારે ફોર્મ ને ફી ભરીને પછી તું અહીં પાછો આવજે ને કોલેજ ચાલુ થાય ત્યારે સુરત આવી જજે. આપણા ઘેર જ રહેવાનું રાખજે.” “ભલે દાદા,” રાઘવે ઊભા થતાં કહ્યું, “હું તમારી સાથે જ આવીશ.”

બીજા દિવસે બપોરના અરજણભાઈની ગાડીમાં રાઘવ ગોઠવાઈ ગયો. મોડી સાંજે બન્ને સુરત પહોંચ્યા.

વેસુમાં અરજણભાઈનો આલીશાન બંગલો હતો. જો કે રાઘવને એમાં કશી નવાઈ ન લાગી. એને એમાં કશું પ્રયોગ કરવા જેવું પણ ન લાગ્યું. બીજા દિવસે અરજણભાઈ એની સાથે ડિપાર્ટમેન્ટ ઓફ બાયો સાયન્સ ગયા. એનું એડમિશન ફોર્મ ભરાવ્યું, ફી ભરાવી ને પછી એ ઘેર આવ્યા. “રાઘવ,” અરજણભાઈએ પૂછ્યું, “તારી કોલેજ ક્યારે ખૂલે છે?” “દાદા,” રાઘવ બોલ્યો, “કોલેજ પંદરમી જૂને ખૂલે છે, હું ચૌદમી જૂને આવી જઈશ પણ મેં જોયું કે કોલેજની નજીક પટેલ હોસ્ટેલ છે, તો હું ત્યાં રહું તો વધારે સારું. શનિ-રવિ હું અહીં આવતો રહીશ. મને ત્યાં એડમિશન કરાવી દો દાદા.”

“જેવી તારી મરજી,” અરજણભાઈ બોલ્યા, “સાંજે આપણે ત્યાં જઈશું. આપણે ત્યાં સારી ઓળખાણ છે. ઘણું ડોનેશન આપ્યું છે હોસ્ટેલ માટે.” સાંજના બન્ને પટેલ હોસ્ટેલ ગયા ને પાંચ જ મિનિટમાં રાઘવને એડમિશન પણ મળી ગયું. બીજે દિવસે સવારે રાઘવ વંથલી જવા નીકળ્યો. વંથલી જઈને એણે પપ્પા અને મમ્મીને સમાચાર આપ્યા. એ જ સાંજે એ આંબાવાડિયામાં ગયો. બધા આંબા પર કેરીઓ ઝૂમતી હતી. એણે શાખની કેરીઓ શોધી. શાખની કેરીઓ

એટલે આંબાની શાખા પર, ડાળી પર જ પાકતી કેરી. એ કેરીઓ લઈને એ ઘેર આવ્યો. એ વંથલી રહ્યો એટલા દિવસ એણે મિત્રો સાથે કેરીની મઝા જ માણી.

૧૪મી જૂને સવારની ટ્રેનમાં એ સુરત જવા નીકળ્યો. સવિતાએ એને સામાન પેક કરી આપેલો, સાથે શિખામણનું પોટલું પણ બાંધી આપેલું! અરજણભાઈ માટે પણ કેરીઓનું મોટું બોક્સ આપેલું.

રાઘવ સીધો અરજણદાદાના ઘેર ગયો. બીજા દિવસે સવારે એ કાકાનું એક્ટિવા લઈને કોલેજ ગયો. એ જ સાંજે એ પટેલ હોસ્ટેલ પર આવી ગયો.

બે-ત્રણ દિવસમાં ભણવાનું પણ શરૂ થઈ ગયું. શનિવારે એ અરજણદાદાને ઘેર ગયો. અરજણભાઈએ એને ગાડી શીખવાની ને લાયસન્સ લઈ લેવાની સલાહ આપી એટલે એ અરજણદાદાના ડ્રાઈવરને લઈને ગાડી શીખવા નીકળી ગયો. બે-ત્રણ શનિ-રવિમાં તો એને સરસ રીતે ગાડી ચલાવતા આવડી ગઈ. લાયસન્સ પણ આવી ગયું. હવે એ શનિવારે દાદાના ઘેર આવે એટલે ગાડી લઈને ક્યાંક ફરવા નીકળી જતો. ક્યારેક ડુમસ સુધી પણ ફરી આવતો.

સુરત ને બિલિમોરા તો સેકન્ડહેન્ડ ગાડીઓના હબ ગણાય. રાઘવને લાગ્યું કે એણે પણ એક સરસ સેકન્ડહેન્ડ ગાડી અહીંથી લઈ લેવી જોઈએ. એણે અરજણદાદાને વાત કરી અને અરજણભાઈએ એને સરસ ગાડી અપાવી દીધી. ગાડી એ હોસ્ટેલમાં નહોતો રાખતો, દાદાના કમ્પાઉન્ડમાં જ એની ગાડી પડી રહેતી. ક્યારેક એને વિચાર આવતો - ગાડી આગળ ને પાછળ ચાલે છે, એવી રીતે ડાબે ને જમણે પણ ચાલતી હોય તો પાર્કિંગમાં કેટલી સરળતા રહે ! આ માટેના પ્રયોગ વેકેશનમાં વંથલી જઈને કરવાનું એણે નક્કી કરી નાખ્યું. અત્યારે બાયોલોજીમાં આનુવંશિક લક્ષણો અંગે અભ્યાસ ચાલતો હતો. ફાધર જહોન ગ્રેગર મેન્ડલના આનુવંશિક પ્રયોગો વિષે અધ્યાપક પ્રવચન આપતા હતા ત્યારે રાઘવ ધ્યાનથી સાંભળતો હતો. આનુવંશિક ગુણ એટલે માતા કે પિતામાં જે ગુણ હોય, એ બાળકમાં આવે, આવું ઓસ્ટ્રીયન પાદરી ફાધર જહોન ગ્રેગર મેન્ડલે છોડ પર પ્રયોગો કરીને સાબિત કરેલું-અધ્યાપક ભણાવતા હતા. અચાનક રાઘવને વિચાર આવ્યો - પોતે તો થોડો શ્યામ છે પણ પોતાની ઈચ્છા એવી છે કે પોતાનું સંતાન ભૂરી આંખોવાળું ને વાંકડિયા વાળવાળું હોય તો મઝા પડે. ફાધરના મતાનુસાર માતા કે પિતામાં આ લક્ષણો હોવા જોઈએ. પોતાનામાં નહોતા એ તો રાઘવને ખબર જ હતી, તો હવે? હવે એને વિચાર આવ્યો કે, ભૂરી આંખોવાળી ને વાંકડિયા વાળવાળી કન્યા સાથે લગ્ન થાય તો પોતાનું બાળક ભૂરી આંખો ને વાંકડિયા વાળવાળું જન્મે એ નક્કી. જો કે આવી કન્યા શોધવી ક્યાં, એ એના માટે મોટો પ્રશ્ન બની રહ્યો. એણે નક્કી કર્યું કે કોલેજમાં જ તપાસ કરતા રહેવું, કોઈક તો એવી કન્યા મળી રહેશે, એની સાથે દોસ્તી કરીને આગળ વધાય. એક અઠવાડિયા સુધી એની નજરનું બાયનોક્યુલર કોલેજની બધી કન્યાઓ ઉપર ફરતું રહ્યું પણ એને એવી કોઈ કન્યા દેખાઈ નહીં.

જો કે બીજા સેમેસ્ટરમાં એને વાંકડિયા વાળવાળી એક કન્યા એના વર્ગમાં જ દેખાઈ! રાઘવને આનંદ અને અફસોસ બન્ને એટલા માટે થયા કે, એ છોકરીના વાળ વાંકડિયા હતા, પણ આંખો ભૂરી ન હતી! એણે ધીમે ધીમે એ છોકરી સાથે દોસ્તી શરૂ કરી. છોકરીનું નામ રીના પટવારી હતું. એ દેખાવમાં પણ સોહામણી હતી. રીનાને રાઘવનો નિર્દોષ ચહેરો અને નિર્દોષ સ્વભાવ ગમ્યો એટલે એણે પણ દોસ્તી વધારી, હવે રાઘવ રીનાને ક્યારેક હોટેલમાં નાસ્તો કરવા પણ લઈ જતો, ક્યારેક એ ગાડી લઈને કોલેજ આવતો ને રીના સાથે ફરવા જતો. અચાનક મહિના પછી એણે બીજી એક છોકરી જોઈ, જેની આંખો ભૂરી હતી! જો કે એના વાળ વાંકડિયા ન હતા. રાઘવે તો બેમાંથી એક જતું કરવાનું નક્કી કરી નાખેલું. રાઘવને વિચાર આવ્યો કે, બન્નેની દોસ્તી રાખવી. જે ઈચ્છે એની સાથે લગ્ન કરીશ તો કાં તો સંતાન વાંકડિયા વાળવાળું આવશે, કાં તો ભૂરી આંખોવાળું. રાઘવે એની સાથે પણ દોસ્તી શરૂ કરી. એ છોકરીનું નામ શીલા પટેલ હતું. એ મગદલ્લા રહેતી હતી.

હવે રાઘવ બન્નેને ગાડીમાં સાથે લઈને નીકળી પડતો. હોટેલમાં પણ ત્રણે સાથે જતાં. “રાઘવ,” એક દિવસ રીના બોલી, “ચાલ, કાલે રવિવાર છે તો ડુમસ જઈએ, હું, તું અને શીલા. મઝા પડશે.” “ખરેખર મઝા પડશે,” રાઘવે કહ્યું, “આપણે ચોક્કસ જઈએ. તું શીલાને કહી દેજે અને તમે બન્ને સવારના પટેલ હોસ્ટેલ પર આવી જજો, ત્યાંથી આપણે નીકળી જઈશું.” બીજે દિવસે સવારના ત્રણે જણા ડુમસ જવા નીકળી ગયાં. બપોરના બહાર હોટેલમાં જમ્યા, નાળિયેર પાણી પીધું, સાંજના નાસ્તો કર્યો ને પછી પટેલ હોસ્ટેલ પર પાછાં આવ્યાં. આ રીતે રાઘવ બન્ને સાથે ફરતો રહ્યો. એને તો જો કે લગ્નનો જ વિચાર હતો, એટલે વચ્ચેના પ્રેમના ભાગને એ સ્પર્શ્યો નહોતો. રીના સ્તનાઢ્ય હતી, ક્યારેક લો કટનું બ્લાઉઝ પહેર્યું હોય ત્યારે એ રાઘવ સાથે વાત કરતી વખતે આગળ ઝૂકી પણ જતી પણ રાઘવને એમાં કોઈ રસ નહોતો એટલે એ નિરાશ થતી.

જોતજોતામાં છેલ્લું વરસ પણ આવી ગયું. પરીક્ષાઓ પતી. રાઘવના પેપર સારા ગયા હતા, રીના ને શીલાના પેપર પણ સારા ગયા હતા. પરિણામ આવવાને તો હજી વાર હતી પણ પરીક્ષા પતી એટલે હવે કોલેજ આવવાનું પણ બંધ થઈ ગયું. એ બન્ને રાઘવને છેલ્લી વાર મળી અને નીકળી ગઈ! રાઘવ પણ ગાડી લઈને વંથલી ભેગો થઈ ગયો. એનો આ વાંકડિયા વાળ અને ભૂરી આંખોવાળા સંતાનનો પ્રયોગ પણ નિષ્ફળ રહ્યો!

પરીક્ષાનું પરિણામ પણ બીજા મહિને આવી ગયું, રાઘવ સેકન્ડ કલાસ સાથે બી.એસ.સી. થઈ ગયો, ને એ જ દિવસે નાથાભાઈએ રાઘવ માટે કન્યા શોધી કાઢી. કેશોદની એ કન્યા રાઘવે જોઈ. દેખાવમાં સારી હતી પણ ભૂરી આંખો નહોતી ને વાંકડિયા વાળ પણ નહોતા. “સારું પપ્પા,” એણે કહ્યું, ‘તમને પસંદ છે તો મને પણ પસંદ છે.” નાથાલાલભાઈએ તડામાર તૈયારીઓ શરૂ કરીને લગ્ન ઉકેલી નાખ્યા. અરજણભાઈનું કુટુંબ પણ આવ્યું હતું ને હાઈસ્કૂલનો સ્ટાફ પણ હતો. નાથાલાલભાઈએ આ વખતે પણ અરજણભાઈના કહેવાથી સુરતથી ખાસ રસોઈયા મહારાજ ભરતભાઈ ધડૂકને બોલાવીને બહુ ઉમદા મેનુ રખાવ્યું હતું. જમ્યા પછી બધા ખુશ થઈ ગયા. છ મહિના પછી રાઘવને પત્ની તરફથી સારા સમાચાર મળ્યા! એણે તરત જ મમ્મી-પપ્પાને વાત કરી અને ફળિયાથી મોભ

સુધી આનંદની હેલી ચડી! નવમા મહિને રાઘવની પત્નીએ દીકરાને જન્મ આપ્યો. સાંજના સવિતાબહેને દીકરાનું મોં જોવા રાઘવને રૂમમાં બોલાવ્યો. દીકરાનું મોં જોઈને સ્તબ્ધ થઈ ગયેલો રાઘવ ગલોટિયું ખાતા ખાતા રહી ગયો-દીકરાની આંખો ભૂરી હતી અને વાળ વાંકડિયા હતા! એને થયું કે, આ તો શું કહેવાય કે, મારા વિચારો પણ સત્ય થઈ ગયા! મારો પ્રયોગ સફળ થયો કહેવાય?

(શીર્ષકપંક્તિઃ શબનમ ખોજા)